સૌરાષ્ટ્ર યુનિવર્સીટી
Re-Accredited Grade "A" by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી
સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કાર્યાલય,
યુનિવર્સીટી કેમ્પસ, યુનિવર્સીટી રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એકસ) ૨૧૪

પરિપત્ર:-

સંદર્ભ :- શિક્ષણ વિભાગનાં તા.૬/૩/૨૦૧૭ ઠરાવ ક્રમાંક એન.જી.સી/ ૧૧૨૦૧૧/ /૧૦૫૦/ખ સચિવાલય ગાંધીનગરનો ઠરાવ

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સલગ્ન તમામ સરકારી, બિનસરકારીઅનુદાનિત અને સ્વ-નિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે સરકારશ્રીનાં શિક્ષણ વિભાગના તા.૬/૩/૨૦૧૭નાં ઠરાવ ક્રમાંક એનજીસી/૧૧૨૦૧૧/૧૦૫૦/ખ થી રાજયની ઉચ્ચ શિક્ષણની યુનિવર્સિટીઓ, સરકારી કોલેજો, બિનસરકારી અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોના શૈક્ષણિક સ્ટાફ માટે "કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ" ની જોગવાઈ લાગુ પાડવામાં આવી છે જે પરત્વે અમલ થવા સંબંધિત સર્વેને જણાવવામાં આવે છે.

બિડાણ:-સંદર્ભ ઠરાવ

કુલસચિવ

નં.જોડાણ/૩/2૭૫૪/૨૦૧૭
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ -૩૬૦૦૦૫
તા.2૭-૩-૨૦૧૭
પ્રતિ,
-સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સલંગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,માન્યસંસ્થાઓનાવડાઓ તરફ..........

નકલ સાદર રવાના :-
૧. માન.કુલપતિશ્રી /કુલસચિવશ્રી નાં અંગત સચિવશ્રી તરફ...........
નકલ રવાના:-
૧. કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ........)
૨. મહેકમ-અ વિભાગ
૩. પી.જી.વિભાગ

રાજયની ઉચ્ચ શિક્ષણની યુનિવર્સિટીઓ, સરકારી કોલેજો, બિનસરકારી અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોના શૈક્ષણિક સ્ટાફ માટે "કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ" ની જોગવાઇ લાગુ પાડવા અંગે

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૨૦૧૧/૧૦૫૦/ખ(પાર્ટ ફાઇલ),
સચિવાલય, ગાંધીનગર
તા.૦૬.૦૩.૨૦૧૭

વંચાણે લીધા:

૧. શિક્ષણ વિભાગનો તા.૧૮.૦૪.૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: એનજીસી-૧૧૨૦૧૧-૧૦૫૦-ખ
૨. શિક્ષણ વિભાગનો તા.૦૩.૦૮.૨૦૧૬ ની ઠરાવ ક્રમાંક: એનજીસી-૧૧૨૦૧૧-૧૦૫૦-ખ
૩. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી, ગાંધીનગરનો તા.૧૭.૧૨.૨૦૧૬ પત્રક્રમાંક: મકમ/ESC2 /CAS/2016/12835
૪. ગુજરાત રાજ્ય સરકારી કોલેજ અધ્યાપક મંડળનો તા.૦૭.૦૧.૨૦૧૭ નો પત્ર

આમુખ:

રાજયની ઉચ્ચ શિક્ષણની યુનિવર્સિટીઓ, સરકારી કોલેજો, બિનસરકારી અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોના શૈક્ષણિક સ્ટાફ માટે યુ.જી.સી. રેગ્યુલેશન્સ-૨૦૧૦ અંતર્ગત "કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ" હેઠળના પગાર ધોરણ મંજૂર કરવા માટે સમિતિનું માળખુ અને તે માટેની પ્રક્રિયા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક:(૧) અને (૨) ના ઠરાવથી નિયત કરવામાં આવી છે. આ ઠરાવની જોગવાઇ અનુસાર બિનસરકારી અનુદાનિત કોલેજોના અધ્યાપકોના કિસ્સામાં કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ સમગ્ર કામગીરી ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શ સિવાય રચવામાં આવેલી સ્થાયી સમિતિઓ મારફત જ થાય છે. જ્યારે સરકારી કોલેજોના અધ્યાપકોના કેસમાં ગુજરાત જાહેર સેવા આયોગનો પરામર્શ કર્યા બાદ હુકમો કરવાની કાર્યવાહી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી દ્વારા કરવાની રહે છે. જેથી સમાન કામગીરી કરતાં અને સમાન પગાર ધોરણ મેળવતાં અધ્યાપકો (સરકારી તેમજ અનુદાનિત ) ના કિસ્સામાં કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમમાં એકસૂત્રતા જળવાતી ન હતી. જે સંદર્ભે ગુજરાત રાજ્ય સરકારી કોલેજ અધ્યાપક મંડળ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક(૪) ના પત્રથી સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮.૦૩.૧૯૯૪ ના ઠરાવ તથા ગુજરાત રાજ્ય સેવા આયોગ(વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ મુજબ સરકારી કોલેજોના અધ્યાપકોના કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળના પગાર ધોરણો મંજૂર કરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગનો પરામર્શ કરવાની જરૂરિયાત ન હોવા અંગેની રજુઆત કરી હતી. જેમાં કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ એ બઢતી નથી પરંતુ એક પ્રકારનું

ઉચ્ચતર પગાર ધોરણ છે તેવી રજુઆતના અનુસંધાનમાં સામાન્ય વહીવટ વિભાગનો પરામર્શ કરતાં જો આ યોજના બઢતીની ન હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮.૦૩.૧૯૯૪ નો પરિપત્ર લાગુ થાય અને બઢતી મૂળ ઠરાવોમાંથી રદ કરવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

<u>સુધારા ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે, સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોના અધ્યાપકોના કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ" ના અમલમાં એકસૂત્રતા લાવવા શિક્ષણ વિભાગના તા.૦૩.૦૮.૨૦૧૬ અને તા.૧૮.૦૪.૨૦૧૬ ના ઠરાવના પેરા ૩(IV) અને પેરા ૪ માં ઉલ્લેખ કર્યા મુજબ સરકારી કોલેજોના અધ્યાપકોના કિસ્સામાં "કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ" હેઠળ પગાર ધોરણ મંજૂર કરતી વખતે આ બાબત બઢતી સાથે સંકળાયેલ ન હોઇ, આ બંને ઠરાવોમાં જ્યાં જ્યાં "બઢતી" શબ્દનો ઉલ્લેખ છે તે રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. તેમજ "કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ" ના લાભ મંજૂર કરતી વેળાએ " જાહેર સેવા આયોગનો પરામર્શ કરવો" એવો ઉલ્લેખ આથી રદ કરવામાં આવે છે.

૨. આ ઠરાવ સરખાક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૨૩.૦૨.૨૦૧૭ ની નોંધથી મળેલ પરામર્શ અને સરકારશ્રીની તા.૦૨.૦૩.૨૦૧૭ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(અશોકસિંહ પરમાર)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ઉ.અનેટે.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી. શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ – ૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ – ૨ (પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય.
- આચાર્યશ્રી, તમામ બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

T/ઠરાવ-૨ / 2